# સચિન તેન્ડુલકર યુનોનો ગુડવીલ એમ્બેસેડર બન્યો

યુનો, શનિવાર

ભારતીય ક્રિકેટ લીજેન્ડ સચિન તેંડુલકરને યુનાઈટેડ નેશન્સ એન્વાયર્નમેન્ટ પ્રોગ્રામ (યુએનઈપી) દ્વારા ગુડવીલ એમ્બેસેડર બનાવવામાં આવ્યો છે.

યુનોમાં યુએનઈપીએ જાહેરાત કરતા કહ્યુ હતુ કે આંતરરાષ્ટ્રીય વનડે ક્રિકેટમાં ૧૦૦૦૦ રન બનાવનાર સચિન પ્રથમ ક્રિકેટર છે. વૈશ્વિક સ્તરે તેની ફેલાયેલી ખ્યાતિનો બહોળો ઉપયોગ કરીને તેના દેશ ભારત સહિત સમગ્ર વિશ્વમાં પર્યાવરણ અંગે જાગૃતિ ફેલાવવામાં આવશે. સચિને આ પ્રસંગે કહ્યુ હતુ કે સમગ્ર દુનિયામાં મારી રમતથી હું આનંદ અનુભવ્યો છું આપણું એકમાત્ર ઘર છે તે વિશ્વ માટે હવે કંઈક કરવાનો સમય આવી ગયો છે. સચિને કહ્યુ હતુ કે દુનિયાને કુદરતી આફતોથી બચાવવાના પ્રયત્નોનો ભાગ બનવું સારી બાબત છે. પરંતુ આ એક પડકાર છે. તેનો સામનો કરવા તૈયાર છું. વૈશ્વિક સ્તરે યુએનઈની અને ક્રિકેટ પ્રશંસકો સાથે કામ કરવું સુખદ અનુભવ બની રહેશે. આ એક સારી ભાગીદારી રહેશે. ભેગા મળી ને કંઈક હાંસિલ કરી શકીશું. સંસ્થાના એક્ઝીક્યુટીવ નિર્દેશક અસીમ સ્ટેનેરે આત્મવિશ્વાસ સાથે

## સચિનની લાક્ષણિકતા, ઈમેજ અને તેના પ્રોફાઈલથી પર્યાવરણ જાગૃતિના કાર્યક્રમને પ્રસાર પ્રચાર મળશે

કહ્યુ હતુ કે સચિનની લાક્ષણિકતા, ઈમેજ, અંગત મહત્તા, કંઈ પણ ન કરીને ઘણું બધુ કરી જવાની કળા અને તેના પ્રોફાઈલથી પર્યાવરણ જાગૃતિના કાર્યક્રમને બહોળો પ્રસાર પ્રચાર મળશે ૨૦૧૦નું વર્ષ આંતરરાષ્ટ્રીય બાયોડાઈવર્સીટી તરીકે યુનો મનાવી રહ્યુ છે. તેથી લીજેન્ડ ક્રિકેટર સાથે કામ કરીને વૈશ્વિક અને ગ્રાસરૂટ સ્તરે પ્રાણીઓની લુપ્ત થતી જાતિઓને બચાવવા માટેના પગલાને આવકાર મળશે. અત્રેએ નોંધનીય છે કે સચિન માટે યુનો સાથે કામ કરવું મુશ્કેલરૂપ નહીં બને આ પહેલા પણ સચિન યુનોના બાળકોના ભંડોળ (યુનીસેફ)ના ભારતમાં



યોજાયેલા કાર્યક્રમોમાં અંગત સ્વાસ્થ્યને આપવા જોડાયો હતો. આઈપીએલ-૩ થી ધમાકેદાર શરૂઆત વખતે ઉદ્‌ઘાટન કાર્યક્રમ દરમિયાન સચિન ગ્રીમ પ્લેડજનું નેતૃત્વ સંભાળશે ત્યારે તે કહેશે દુનિયા આપણું ઘર છે. અને આપણે સાથે મળીને જ આપણે પ્રતિષ્ઠિત પ્રાણીઓ અને પશુઓ, વન અને દરિયાઓની જાળવણી કરવી પડશે.

# આઈપીએલ-૩નું નિમંત્રણ ન મળતા એમસીએની ચિમકી

## આઈપીએલની મેચો વાનખેડે સ્ટેડિયમ પર રમાવા માટે આવશે ત્યારે શું થશે તે અમે જોઈશું : લાલચંદ રાજપૂત

મુંબઈ, શનિવાર

ઈન્ડિયન પ્રિમિયર લીગ (આઈપીએલ)ની આસપાસથી વિવાદ અટકવાનું નામ લેતો નથી. દિલધડક ટ્વેન્ટી ટ્વેન્ટી મેચોની ત્રીજી એડિશન શરૂ થાય તેની થોડીવાર પહેલા શરદ પવારના નેતત્વ હેઠળ મુંબઈ ક્રિકેટ એસોસિએશને (એમસીએ) આઈપીએલની પહેલી મેચ અને ઓપનીંગ સેરેમનીનો બહિષ્કાર કરવાનું નક્કી કર્યું હતું. એમસીએના જોઈન્ટ સેક્રેટરી લાલચંદ રાજપૂતે કહ્યું હતું કે ગઈકાલે એમસીએની મેનેજિંગ કમિટીની બેઠક મળી હતી અને આઈપીએલની પ્રારંભિક મેચ અને કાર્યક્રમોનો બહિષ્કાર કરવાનો નિર્ણય લેવાયો હતો કેમ કે તેમાં હાજરી આપવા માટે અમને કોઈ જાતનું આમંત્રણ મળ્યું ન હતું. જોકે બહિષ્કારના અમારા નિર્ણયની જાણ થયા પછી સાંજે સાત વાગે તેમણે અમને હાજરી આપવા માટે આમંત્રણો મોકલાવ્યા હતા. આવી ઘોર ઉપેક્ષાથી એમસીએની મેનેજિંગ કમિટીને ભારે આશ્ચર્ય થયું છે. શીરસ્તા મુજબ દરેક ટેસ્ટ ક્રિકેટરને મેચ ટિકિટ અપાય છે. ગઈ વખતે વાનખેડે સ્ટેડિયમમાં જ્યારે મેચો યોજાઈ હતી ત્યારે તેની ૨૦ ટકા બેઠક ક્ષમતા અમને ફાળવાઈ હતી. અત્યારે વાનખેડે સ્ટેડિયમનું રિનોવેશન ચાલી રહ્યું છે. અમારા સ્ટેડિયમ ખાતે આઈપીએલની મેચો પરત આવશે ત્યારે અમે પણ જોઈશું કે તે વખતે શું થશે તેમ રાજપૂતે ઉમેર્યું હતું.

# આઈપીએલની ત્રીજી એડિશનનો રંગારંગ પ્રારંભ

**જડબસલાક બંદોબસ્ત અને થોડા ઘણા વિવાદો છતાંય બોલીવુડ અનો અન્ય કલાકારોના ગીત સંગીતના ભવ્ય કાર્યક્રમો સાથે મુંબઈમાં આજથી ઈન્ડિયન પ્રિમિયર લિગ (આઈપીએલ)ની ત્રીજી એડિશનનો પ્રારંભ થયો હતો. વાનખેડે સ્ટેડિયમનું રિનોવેશન ચાલતુ હોવાથી ડી.વાય. પાટીલ સ્ટેડિયમ પર પ્રથમ મેચ આઈપીએલ-૨ ચેમ્પિયન ડેક્કન ચાર્જર્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચે રમાવા સાથે આઈપીએલની ત્રીજી એડિશન શરૂ થઈ હતી.**

# મુંબઈ હુમલા વેળા જપ્ત RDX નષ્ટ કરવા મંજૂરી

## મુંબઈની ખાસ અદાલતે લીલીઝંડી આપી : મેજિસ્ટ્રેટની ઉપસ્થિતિમાં જ આરડીએક્સના જથ્થાને નષ્ટ કરી દેવાશે

મુંબઈ, શનિવાર

મુંબઈના ૨૬/૧૧ હુમલાના મામલામાં સુનાવણી ચલાવી રહેલી ખાસ અદાલતે ભીષણ ત્રાસવાદી હુમલા દરમિયાન કબજે કરવામાં આવેલા ૨૪ કિલોથી વધુ આરડીએક્સના જથ્થાને નષ્ટ કરી દેવા માટેની મંજૂરી આપી દેતાં આ આડે રહેલી તમામ અડચણો દૂર થઈ ગઈ છે.

ટોચના પોલીસ સૂત્રોએ વિગત આપતાં કહ્યું છે કે, આ આરડીએક્સના જથ્થાને મેજિસ્ટ્રેટની હાજરીમાં નષ્ટ કરવામાં આવશે.

કોર્ટે આની પરવાનગી આપી દીધી છે. મુંબઈના ત્રાસવાદી હુમલા દરમિયાન આરડીએક્સ ત્રણ ઈમ્પ્રોવાઈઝ્ડ એક્સક્લોસિવ ડિવાઈસથી મળી આવ્યો હતો. આમાં વિસ્ફોટ થઈ શક્યો નહતો. પ્રથમ આઈઈડી તાજમહલ હોટલની બહાર મળી આવ્યો હતો. જ્યારે બીજો આઈઈડી ગોકુલ રેસ્ટોરન્ટ પાસે અને ત્રીજો આઈઈડી મુંબઈના છત્રપતિ શિવાજી ટર્મિનસ નજીક બિનવારસી બેગમાંથી મળી આવ્યો હતો.

તમામ વિસ્ફોટકોને સાક્ષી તરીકે ખાસ અદાલતમાં ઉજ્જવલ નિકમે રજૂ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, વિસ્ફોટથી પહેલાં જ પોલીસ ટુકડીએ આને કબજે કરીને નિષ્ક્રિય બનાવી દેવામાં સફળતા મેળવી હતી. નિકમે એવા દાવાને પણ ફગાવી દીધો હતો કે, કસાબનો ફોટો આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરીને બનાવવામાં આવ્યો છે. આ ફોટામાં કસાબ અને ઠાર થયેલા અબુ ઈસ્માઈલને એ.કે.૫૬ રાયફલથી લોકો પર ગોળીબારી કરતાં દર્શાવવામાં આવ્યો છે.